**અપીલ અરજી નં.INQ/FAP/૦૧,**
**૨૦૧૩–૧૪**

| | | |
|---|---|---|
| **અરજદાર** | **:** | **શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર** |
| **સામાવાળા** | **:** | **સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.** |

## *ફરીયાદની હકીકત :–*

| | |
|---|---|
| વિષયઃ– | અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ – ૨૦૦૫ અન્વયે તા.૨૪–૦૬–૨૦૧૩ ના રોજ નમુના–ક હેઠળ કરેલ અરજી આઈ.ડી. નં.૬૬૩(સેન્ટ્રલઝોન), અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૨૬, તા.૨૩/૭/૨૦૧૩ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ કરેલ પ્રથમ અપીલ બાબત. |
| સંદર્ભઃ– | અરજદારે ઈન્કવાયરી ખાતાના અપીલ સત્તાધિકારી અને ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફિસરશ્રીને ઉદ્દેશીને તા.૨૨–૦૮–૧૩ ના રોજ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળ કરેલ પ્રથમ અપીલ, |

## *અપીલના મુદ્દા :–*

અરજદારની વિષય હેઠળની અરજીથી માંગેલ માહિતી અંગે અપીલના કારણમાં ફકત જવાબથી નારાજ થઈ અપીલ કરેલ હોવાનું જણાવેલ છે. અપીલ કરવાના કોઈ ચોકકસ મુદ્દા અપીલમાં જણાવેલ નથી. સદરહુ અપીલ નીચે સહી કરનારને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સેન્ટ્રલ ઝોન મારફત તા.૨૭–૮–૨૦૧૩ ના રોજ તબદીલ કરવામાં આવેલ. જે અપીલ અત્રેના અપીલ રજીસ્ટરે **INQ/FAP**/નં.૧/૨૦૧૩–૧૪ થી નોંધવામાં આવેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૦૩/૦૯/૨૦૧૩ ના રોજ રજુ કરેલ રીપોર્ટમાં નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

અરજદારે માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ – ૨૦૦૫ અન્વયે તા.૨૪–૦૬–૨૦૧૩ ના રોજ નમુના–ક હેઠળ કરેલ અરજી આઈ.ડી. નં.૬૬૩(સેન્ટ્રલઝોન) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ના તા.૧૮/૦૭/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૭૫૯ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૧૯–૦૭–૧૩ ના રોજ મળેલ. સદરહુ અરજીમાં અરજદારે સેન્ટ્રલઝોનના સીવીક સેન્ટરના શ્રી પ્રસાદ તથા કારકુનના સ્વભાવ બાબતે માહિતીની નકલો મેળવવા અરજી કરેલ છે. જે પૈકી તેઓએ અત્રેના ખાતાને લાગત મુદ્દા નં.૬ થી " જેને શ્રી પી. આર. પ્રસાદ માનસિક રીતે ત્રાસ આપતા હોય, બિભત્સ માંગણી કરતા હોય, જેથી શ્રી પ્રસાદ ઉપર ખાતાકીય શિક્ષાત્મક પગલા ભરવા અંગેની માહિતીની નકલ" ની માંગણી કરેલ છે. અરજદારે સદર મુદ્દા નં.૬ થી કરેલ માંગણી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા ભૂતકાળમાં કે તાજેતરમાં શ્રી પી. આર. પ્રસાદ સામે માનસિક રીતે ત્રાસ આપવા બાબતે કે બિભત્સ માંગણી કરવા બાબતે અત્રેના ખાતા મારફત કોઈ ખાતાકીય શિક્ષાત્મક પગલા ભરવાની કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાયેલ ન હોવાથી તે મુજબ અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૨૬, તા.૨૩/૦૭/૨૦૧૩ થી જવાબ આપવામાં આવેલ.

આમ, ઉપરોકત હકીકતે અરજદારની મુળ અરજીમાં માંગેલ માહિતી અન્વયે તેઓને અત્રેના ઉપલબ્ધ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય જવાબ આપવામાં આવેલો છે. જેથી અરજદારને અત્રેના જવાબ સામે પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. વળી, અરજદારે તેઓની અપીલમાં ફકત અત્રેના જવાબથી નારાજ થઈ અપીલ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તેઓની નારાજગી અંગે કોઈ સ્પષ્ટ ખુલાસો કરેલ નથી કે અત્રેના જવાબ ખોટો હોવા અંગે કોઈ આધાર–પુરાવા રજૂ કરેલ નથી. અત્રેથી આપવામાં આવેલ જવાબ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય

હોવા છતાં અરજદારે ફકત સમયનો બગાડ કરવા અને મજકુર કાયદાનો દુરુપયોગ કરી ફકત જવાબથી નારાજ હોવાનું જણાવી હાલની પ્રથમ અપીલ કરેલ છે.

## *સુનાવણીની વિગતોઃ–*

સેકશન ઓફીસર(આઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી રજૂ કરવામાં આવેલ પુર્તતા અહેવાલ તેમજ રજૂ કરેલ રેકર્ડ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવામાં આવેલ નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

હાલના એપેલન્ટે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા, અરજદારે કરેલ માંગણી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા શ્રી પી. આર. પ્રસાદ સામે માનસિક રીતે ત્રાસ આપવા બાબતે કે બિભત્સ માંગણી કરવા બાબતે અત્રેના ખાતા મારફત કોઈ ખાતાકીય શિક્ષાત્મક પગલા ભરવાની કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૩૨૬, તા.૨૩/૦૭/૨૦૧૩ થી આપવામાં આવેલ જવાબ ઉપલબ્ધ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય જણાય છે. જેથી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના સદર જવાબ સામે નીચે સહી કરનારને પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. અરજદારે તેઓની અપીલમાં ફકત જવાબથી નારાજ થઈ અપીલ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ નારાજગી અંગે કોઈ સ્પષ્ટ ખુલાસા રજૂ કરેલ નથી કે જવાબ ખોટો હોવા અંગે કોઈ આધાર–પુરાવા રજૂ કરેલ નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની માંગણી મુજબની માહિતીના અનુસંધાને અત્રેના ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય જવાબ આપેલ હોય, અરજદારને અપીલ કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. સબબ, અપીલ દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશનરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશનરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને નવેસરથી બીજી અપીલ કરવા અપીલકર્તાને હકક અબાધિત રહેશે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૯
તા.૦૬–૦૯–૨૦૧૩

**પ્રતિ,**

(૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અપીલ અરજી નં.INQ/FAP/૦૨,**
**૨૦૧૩–૧૪**

**અરજદાર : શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## *ફરીયાદની હકીકત :–*

વિષયઃ– અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારે માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ – ૨૦૦૫ અન્વયે તા.૧૯–૦૮–૧૩ ના રોજ કરેલ અરજી આઈ.ડી. નં.૧૦૭૭(સેન્ટ્રલઝોન), અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.૪ અંગે પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૨, તા.૧૩/૯/૨૦૧૩ થી આપવામાં આવેલ જવાબથી નારાજ થઈ તા.૨૧–૧૦–૨૦૧૩ ના રોજ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળ કરેલ પ્રથમ અપીલ અરજી નં.૨૭૩ બાબત.

સંદર્ભઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સેન્ટ્રલ ઝોનનો પત્ર નં.સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/નં.૨૩૧૨, તા.૨૨/૧૦/૧૩.

## *અપીલના મુદ્દા :–*

અરજદારની વિષય હેઠળની અરજીથી માંગેલ માહિતી અંગે અપીલના કારણમાં ફકત જવાબથી નારાજ થઈ અપીલ કરેલ હોવાનું જણાવેલ છે. અપીલ કરવાના કોઈ ચોકકસ મુદ્દા અપીલમાં જણાવેલ નથી કે અત્રેના જાહેર માહિતી અધિકારી સામે કે આપેલ જવાબ વિરૂધ્ધ કોઈ દાદ માંગી નથી. સદરહુ અપીલ નીચે સહી કરનારને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સેન્ટ્રલ ઝોન મારફત તા.૨૩–૧૦–૨૦૧૩ ના રોજ તબદીલ કરવામાં આવેલ. જે અપીલ અત્રેના અપીલ રજીસ્ટરે INQ/FAP/નં.૨/૨૦૧૩–૧૪ થી નોંધવામાં આવેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૨૮/૧૦/૨૦૧૩ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## *જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–*

પ્રસ્તુત કિસ્સામાં અરજદાર શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૯–૦૮–૨૦૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૦૭૭ (સેન્ટ્રલ ઝોન), જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(મહેકમ) ના તા.૧૧/૦૯/૧૩ ના પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૬૯ થી તબદીલ થઈ અત્રેના ખાતાને તા.૧૨–૦૯–૧૩ ના રોજ મળેલ. જે અરજીથી અરજદાર મજકુરે શહેર વિકાસ વિભાગ–મધ્યસ્થ કચેરીના કૌભાંડીયાની પોલ ખોલ મથાળા હેઠળ વિવિધ માહિતીની માંગણી કરેલ છે. જે પૈકી મુદ્દા નં.૪ થી વિવિધ માર્કેટના બાંધકામ સંદર્ભે "શહેર વિકાસ વિભાગ મધ્ય કચેરીના શહેર વિકાસ અધિકારીથી લઈને ટાઉન પ્લાનર, ડેપ્યુટી–જુ.ઈજનેરોએ સદર વિવાદીત માર્કેટમાં ઈમ્પેકટના નામે કરોડોની કમાણી કરવાનો ધંધો બિલ્ડરોના ખોળામાં બેસી કરેલ હોય. જેથી શહેર વિકાસ વિભાગ મધ્યસ્થ કચેરીના આ કૌભાંડમાં સામેલ હોય તેઓ પર ખાતાકીય શિક્ષાત્મક કાયદેસરની કાર્યવાહીની નકલની માંગણી કરેલ.

અરજદારની માંગણી અન્વયે અત્રેના ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ અનુસાર અરજદારની અરજીમાં જણાવેલા વિગતે ઈમ્પેકટના નામે કરોડોની કમાણી કરવા બાબતે શિક્ષાત્મક કાર્યવાહી કરવાની કોઈ ફાઈલ અત્રેના ઈન્કવાયરી ખાતાને મળેલ ન હોય કે, તેવા બનાવ બાબતે શહેર વિકાસ અધિકારીથી લઈને ટાઉન પ્લાનર, ડેપ્યુટી–જુ.ઈજનેરો સામે ખાતાકીય શિક્ષાત્મક કાયદેસરની કાર્યવાહી અત્રેના ઈન્કવાયરી ખાતા મારફત કરવામાં આવેલ હોવાનું અત્રેનો ઉપલબ્ધ રેકર્ડ જોતા જણાતું ન હોય, તે બાબતનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૨, તા.૧૩/૯/૨૦૧૩ થી રેકર્ડ આધારિત યોગ્ય અને સાચો જવાબ અરજદારને પાઠવવામાં આવેલ. આમ, અરજદારને અત્રેના જવાબ સામે પ્રથમ

અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. વળી, અરજદારે તેઓની અપીલમાં તેઓની નારાજગી અંગે કોઈ સ્પષ્ટ ખુલાસો કરેલ નથી કે અત્રેના જવાબ ખોટો હોવા અંગે કોઈ આધાર–પુરાવા રજૂ કરેલ નથી. વળી, અરજદારે તેમની અપીલમાં અત્રેના જવાબ સામે કોઈ વિશેષ દાદની માંગણી કરેલ નથી. અરજદારે ફકત સમયનો બગાડ કરવા અને મજકુર કાયદાનો દુરુપયોગ કરી ફકત જવાબથી નારાજ હોવાનું જણાવી હાલની પ્રથમ અપીલ કરેલ છે.

## *સુનાવણીની વિગતોઃ–*

સેકશન ઓફીસર(આઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી રજૂ કરવામાં આવેલ પુર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ જોતા, સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

હાલના એપેલન્ટે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા, અરજદારે કરેલ માંગણી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા અરજદારની માંગણી મુજબની કોઈ કાર્યવાહી અત્રેના ઈન્કવાયરી ખાતા મારફત કરવામાં આવેલ ન હોય, જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૪૭૨, તા.૧૩/૦૯/૨૦૧૩ થી આપવામાં આવેલ જવાબ ઉપલબ્ધ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય જણાય છે. જેથી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના સદર જવાબ સામે નીચે સહી કરનારને પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. અરજદારે તેઓની અપીલમાં ફકત જવાબથી નારાજ થઈ અપીલ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ નારાજગી અંગે કોઈ સ્પષ્ટ ખુલાસા રજૂ કરેલ નથી કે જવાબ ખોટો હોવા અંગે કોઈ આધાર–પુરાવા રજૂ કરેલ નથી કે અપીલમાં વિશેષ કોઈ દાદની માંગણી કરેલ નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

## *–: હુકમ :–*

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની માંગણી મુજબની માહિતીના અનુસંધાને અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય જવાબ આપેલ હોય, અરજદારને અપીલ કરવાનું સબળકારણ – આધાર પુરાવા રજુ કરેલ નથી. સબબ, અપીલ દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને નવેસરથી બીજી અપીલ કરવા અપીલકર્તાને હકક અબાધિત રહેશે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૫૩૨
તા.૦૩–૧૦–૨૦૧૩

**પ્રતિ,**

(૧) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......

**અપીલ અરજી નં.INQ/FAP/૦૩, ૨૦૧૩–૧૪**

**અરજદાર : શ્રી રમેશ કે. જાંગીડ**

**સામાવાળા : સેકશન ઓફીસર(ઈન્કવાયરી) અને જાહેર માહિતી અધિકારી.**

## ***ફરીયાદની હકીકત :–***

વિષયઃ– અરજદાર શ્રી રમેશભાઈ કે. જાંગીડે માહિતી મેળવવાનો અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયે તા.૨૩–૧૦–૧૩ ના રોજ કરેલ અરજી આઈ.ડી. નં.૧૫૧૬(સેન્ટ્રલઝોન), અન્વયે તા.૨૧–૧૨–૨૦૧૩ ના રોજ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ હેઠળ કરેલ પ્રથમ અપીલ અરજી નં.૩૨૨ બાબત.

સંદર્ભઃ– જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સેન્ટ્રલ ઝોનનો પત્ર નં.સી.ઝેડ/આર.ટી.આઈ./આઉટ/નં.૨૮૩૧, તા.૨૪/૧૨/૧૩.

## ***અપીલના મુદ્દા :–***

અરજદારની વિષય હેઠળની નમુના–ક ની અરજીથી માંગેલ માહિતી અંગે અપીલના કારણમાં ૩૦ દિવસમાં પ્રતિભાવ મળ્યો નથી તેમજ નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ હોવાનું અપીલમાં જણાવી નિયમમુજબ વિના મુલ્યે માંગેલ માહિતીની નકલો મેળવવા અપીલ કરેલ છે. અરજદારે અપીલ કરવાના કોઈ ચોકકસ મુદ્દા અપીલમાં જણાવેલ નથી કે અત્રેના જાહેર માહિતી અધિકારી સામે કે આપેલ જવાબ વિરૂધ્ધ કોઈ દાદ માંગી નથી. સદરહુ અપીલ નીચે સહી કરનારને જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સેન્ટ્રલ ઝોન મારફત તા.૨૭–૧૨–૨૦૧૩ ના રોજ તબદીલ કરવામાં આવેલ. જે અપીલ અત્રેના અપીલ રજીસ્ટરે INQ/FAP/નં.૩/૨૦૧૩–૧૪ થી નોંધવામાં આવેલ છે. જે અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ને પૂર્તતા અહેવાલ રજૂ કરવા જણાવતા તેઓએ તા.૧૬/૦૧/૨૦૧૪ ના રોજ નીચે મુજબની પૂર્તતા કરેલ છે.

## ***જાહેર માહિતી અધિકારી તરફથી પૂર્તતાઃ–***

પ્રસ્તુત કિસ્સામાં શ્રી રમેશ કે. જાંગીડ,ની આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળની તા.૨૩–૧૦–૨૦૧૩ ના રોજની અરજી આઈ.ડી. નં.૧૫૧૬(સેન્ટ્રલઝોન), ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોનના તા.૨૪/૧૦/૨૦૧૩ ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૨૩૩૩ થી તબદીલ થઈ અત્રેના ખાતાને મળેલ. અરજદાર ધ્વારા તેઓની અરજીથી સેન્ટ્રલઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.–૧૧૬૫ વાળી મિલકતમાં થયેલ બાંધકામ બાબતે વિવિધ મુદ્દાઓથી માહિતીની માંગણી કરેલ છે. જે પૈકી અત્રેના ઈન્કવાયરી ખાતાને લાગત મુદ્દા નં.(૧) થી " સદર મિલકતમાં થયેલ મંજુર પ્લાન વિરૂધ્ધના બાંધકામ બાબતે આપની કચેરીના જવાબદાર અધિકારી/કર્મચારીઓ વિરૂધ્ધ મનપા ધ્વારા કે ઉચ્ચ અધિકારી ધ્વારા શો–કોઝ નોટીસ કે ચાર્જશીટ સહિતની દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવી હોય તો તેની નકલો સહિતની વિગતો આપશો. તથા તેની સામે જવાબદાર અધિકારી/કર્મચારીઓએ રજૂ કરેલ ખુલાસાપત્રની નકલો" ની માંગણી કરેલ.

અરજદારની માંગણી અનુસંધાને અત્રેના ઈન્કવાયરી ખાતાનો રેકર્ડ ચકાસતા અરજદારની અરજીમાં જણાવેલ સેન્ટ્રલઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.–૧૧૬૫ વાળી મિલકતમાં થયેલ બાંધકામ બાબતે અત્રેથી કોઈ અધિકારી/કર્મચારીને શો–કોઝ નોટીસ કે ચાર્જશીટ સહિતની દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવેલ હોવાનું જણાતું ન હોય, તે બાબતનો અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૩૭, તા.૧૮/૧૧/૨૦૧૩ થી રેકર્ડ આધારિત યોગ્ય અને સાચો જવાબ સમયમર્યાદામાં અરજદારને પાઠવવામાં આવેલ. આમ, અરજદારને અત્રેના જવાબ સામે પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. વળી, અરજદારે તેઓની અપીલમાં અત્રેના જવાબ સામે તેઓની નારાજગી અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી કે અત્રેના જવાબ ખોટો હોવા અંગે કોઈ રજુઆત અપીલમાં કરેલ નથી. અરજદારે તેમની અપીલમાં અત્રેના જવાબથી નારાજ હોવાનું જણાવી હાલની પ્રથમ અપીલ કરેલ છે. જેથી અરજદારે અપીલમાં અત્રેના જવાબ સામે કોઈ દાદ માંગેલ ન હોય કે તેઓની અપીલમાં કોઈ સ્પષ્ટતા કરેલ ન હોય, અરજદારની અપીલ અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. સબબ, અપીલ દફતરે કરવાજોગ છે.

## *સુનાવણીની વિગતોઃ–*

સેકશન ઓફીસર(આઈ) અને જાહેર માહિતી અધિકારીશ્રી તરફથી રજૂ કરવામાં આવેલ પુર્તતા અહેવાલ તેમજ ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ જોતા, અરજદારની અપીલ ઉપર સુનાવણી કરવાનું કોઈ કારણ જણાયેલ નથી. જેથી આ કિસ્સામાં સુનાવણી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## *અપીલ અધિકારીનું તારણઃ–*

હાલના એપેલન્ટે કરેલ અપીલ અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(આઈ) નો પૂર્તતા અહેવાલ તેમજ રેકર્ડ પરની હકીકત જોતા, અરજદારે કરેલ માંગણી અન્વયે અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરતા અરજદારની નમુના–ક ની માંગણી મુજબ સેન્ટ્રલઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ વોર્ડ નં.૭, નોંધ નં.–૧૧૬૫ વાળી મિલકતમાં થયેલ બાંધકામ બાબતે અત્રેથી કોઈ અધિકારી/કર્મચારીને શો–કોઝ નોટીસ કે ચાર્જશીટ સહિતની દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી તે બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ધ્વારા અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/આઈ/૬૩૭, તા.૧૮/૧૧/૨૦૧૩ થી આપવામાં આવેલ જવાબ રેકર્ડ આધારિત યોગ્ય અને સાચો તેમજ સમયમર્યાદામાં પાઠવવામાં આવેલ છે. જેથી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) ના સદર જવાબ સામે નીચે સહી કરનારને પ્રથમ અપીલ કરવાનું કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી. અરજદારે તેઓની અપીલમાં નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ હોવાનું અપીલમાં જણાવી અપીલ કરેલ હોવાનું જણાવેલ છે. પરંતુ નારાજગી અંગે કોઈ સ્પષ્ટ ખુલાસા રજૂ કરેલ નથી કે જવાબ ખોટો હોવા અંગે કોઈ આધાર–પુરાવા રજૂ કરેલ નથી. સબબ, નીચે મુજબ હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

### *–: <u>હુકમ</u> :–*

અરજદારે કરેલ અપીલ અંગે ઉપર તારણમાં જણાવ્યા મુજબ જાહેર માહિતી અધિકારી(ઈન્કવાયરી) કક્ષાએથી અરજદાર–અપીલકર્તાની માંગણી મુજબની માહિતીના અનુસંધાને અત્રેના ઈન્કવાયરી ખાતાનો ઉપલબ્ધ રેકર્ડ આધારિત સાચો અને યોગ્ય તેમજ સમયમર્યાદામાં જવાબ આપેલ હોય, અરજદારે આધાર–પુરાવા વિહોણી કરેલ અપીલ દફતરે કરવામાં આવે છે.

એપેલન્ટ આ હુકમથી નારાજ હોય તો અધિનિયમની કલમ–૧૯(૩) મુજબ આ હુકમ મળ્યાની તારીખથી દિન–૯૦ માં મુખ્ય માહિતી કમિશ્નરશ્રી, ગુજરાત રાજય માહિતી આયોગ, મુખ્ય માહિતી કમિશ્નરશ્રીની કચેરી, આંકડા અને અર્થશાસ્ત્રથી કચેરી, પહેલો માળ, સેકટર–૧૮, ગાંધીનગર, ગુજરાતને બીજી અપીલ કરવા અપીલકર્તાને હકક અબાધિત રહેશે.

સહી/–
(એમ. ડી. સોલંકી)
ડીપાર્ટમેન્ટલ ઈન્કવાયરી ઓફીસર અને
એપેલેટ ઓફીસર
સુરત મહાનગરપાલિકા, સુરત.

નં.જીએડી/ઈએસટી/આઈ/૮૧૮
તા.૧૮–૦૧–૨૦૧૪

**પ્રતિ,**

(૧) શ્રી રમેશ કે. જાંગીડ,
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફીસર(ઈન્કવાયરી) પ્રતિ, જાણ તથા અમલ માટે.
(૩) આસી.નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ.સેલ પ્રતિ......